## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




પર્યાવરણ બચાવવા અમે શું નથી કર્યું... અમે મિત્રો બનાવ્યા, બેનર્સ બનાવ્યા ચડ્ડી પહેરાવીને સાયકલ સવારોની રેલી કાઢી...કદાચ કોઇ એકાદુ વૃક્ષ વાવે...!!!




સમસ્ત ઠાકોર અને કોળી સમાજ દ્વારા એકતા મિશન-૨૦૨૨ અંતર્ગત સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા પ્રદર્શનનું આયોજન કરાયુ હતુ. ઠાકોર અને કોળી સમાજના સભ્યોએ ખુબ મોટી સંખ્યામાં તેમાં ઉપસ્થિત રહી પોતાની માંગણીઓ અંગે રજૂઆત કરી હતી.

# પાર્શ્વનાથ એટલાન્ટીક પાર્કમાં ગેરકાયદેસર બાંધકામ રોકનાર મહિલાને મોતની ધમકી

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર નજીક સુઘડ પાર્શ્વનાથ એટલાન્ટીક પાર્ક રહેણાંક વિસ્તારમાં ગેરકાયેદસર શૌચાલયના બાંધકામનો વિરોધ કરનાર મહિલાને સોસાયટીના ચેરમેન સહિત ૭ વસાહતીઓએ લીફટમાં બાનમાં લઈ ગાળાગાળી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપતા અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સુઘડ એટલાન્ટીક પાર્કમાં ગતરોજ સોસાયટીની કમિટીમાં નક્કી થયા પ્રમાણે સફાઈ કામદારો માટે શૌચાલયનું કામ ચાલી રહ્યું હતું. ત્યારે કંટ્રોલમાંથી વર્ધી મળતા પોલીસ પહોંચી ગઈ હતી અને ગેરકાયદેસર બાંધકામ અટકાવ્યું હતું. જયારે સોસાયટીમાં રહેતા હેતલબેન તન્નાએ બાંધકામ તોડી પાડ્યું હતું. તે સમયે સ્થાનિક વસાહતીઓએ તેઓને સમજાવ્યા હતા. પણ તેઓએ વસાહતીઓને ધાક ધમકી આપી હોવાની ફરીયાદ ચેરમેન મનિષા વીઠલાણીએ નોંધાવી હતી. જયારે બીજીતરફ હેતલ તન્નાએ ફરીયાદ નોંધાવી છે કે ગતરોજ સોસાયટીમાં ગેરકાયદેસર બાંધકામ ચેરમેનની મીઠી નજર હેઠળ થઈ રહ્યું હતું.જેથી પોલીસને બોલાવી હતી. ત્યારબાદ બાંધકામ રોકી દેવામાં આવ્યું હતું.રાત્રીના સાડા દશ વાગ્યાના અરસામાં સ્થાનિક ડો.જીગ્નેશ્વરી દરજીએ ફોન કરીને તેમને નીચે બોલાવ્યા હતા. તે સમયે સોસાયટીના ચેરમેન મનિષાબેન, દલજીત કૌર, મનિષા પરમાર, હંસાબેન ચાવડા આવીને કહેવા લાગ્યા કે તારે અહી ઘર નહી હોવા છતા વિરોધ કેમ કરે છે. આવુ ચલાવી લેવાશે નહી તેમ કહી માથાકુટ કરી રહ્યા હતા. બીજા વસાહતીઓને બોલવતા દિક્ષિતા જોશી, જીતેન્દ્ર જોશી, ભદ્રેશભાઈ વિઠલાણી, પણ આવી ગયા હતા. જેઓ અંદરો અંદર ચર્ચા કરતા હોવાથી હેતલબેન પોતાના ઘરે જવા માટે લીફટમાં બેઠા હતા. તે સમયે સ્થાનિક નાગરીકો તેમની પાછળ દોડ્યા હતા. તમામ માળે વસાહતીઓ ગોઠવાઈ ગયા હતા. જેથી અડધો કલાક સુધી લીફટમાં પુરાઈ રહેવાનો વારો આવ્યો હતો. ગ્રાઉન્ડ ફલોર લીફટ પહોંચતા વસાહતીઓ કહેતા હતા કે હેતલને બહાર કાઢો, આજે તો જાનથી મારી નાંખવાની છે. જયારે હેતલબેને અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રૂપાલમાં ઘર પાસે પાર્ક કરેલ એકટીવા આગમાં સ્વાહા...!

### ગ્રામ પંચાયત પાસે પાર્ક કરેલા એકટીવાને અજાણ્યા શખ્સે આગ ચાંપી

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર રૂપાલ ગામે ઘર પાસે પાર્ક કરેલા એકટીવાને અજાણ્યા શખ્સે આગ લગાડી હતી. એકટીવા ગણતરીની મિનીટોમાં આગમાં સ્વાહા થઈ ગયું હતું. બાઈક પર આવેલ અજાણ્યા શખ્સો જવલનશીલ પ્રદાર્થ છાંટીને આગ લગાડી નાસી ગયો હતો. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રૂપાલ ગ્રામ પંચાયત પાસે મોટા માઢમાં રહેતા વિપુલ મણીલાલ શુકલ પરિવાર સાથે રહે છે. જેમને સંતાનમાં બે દિકરી છે અને એક દિકરો છે. તેમની મોટી દિકરી રાયસણ આઈએઆરમાં અભ્યાસ કરે છે.જે કોલેજ આવન જાવન માટે એકટીવાનો ઉપયોગ કરે છે. ત્યારે ગત તા.૭ જુનના રોજ તેમની દિકરી એકટીવા લઈ કોલેજ ગઈ હતી. જે સાંજે ઘરે પરત ફરી હતી.એકટીવા ગ્રામ પંચાયત ની સામે ઘર પાસે પાર્ક કર્યું હતું. જયારે બીજા દિવસે પરિક્ષામાં રજા હોવાથી તે કોલેજ ગઈ ન હતી. ત્યારે તા.૮ જુનના રોજ રાત્રીના સમયે પરિવારજનો ઘરમાં સુઈ રહ્યા હતા. તે સમયે સામાન્ય અવાજ થતા રાત્રીના ત્રણ વાગ્યાના અરસામાં વિપુલભાઈના માતા સુભદ્રાબેન અચાનક જાગી ગયા હતા. તેઓએ ઘરની બહાર પાર્ક કરેલા એકટીવાને આગ લાગી હોવાનુ જોઈ પરિવારના સભ્યોને જગાડ્યા હતા. પરિવારના સભ્યો અને પાડાશીઓએ સળગી રહેલા એકટીવા પર પાણીનો છંટકાવ કરીને આગને કાબુમાં કરી દીધી હતી. બીજા દિવસે વિપુલભાઈએ પંચાયતના સીસીટીવી કેમેરા ચેક કરતા તેમાં રાત્રીના સમયે એક બાઈક સવાર શખ્સ એકટીવા પાસે આવ્યો હતો અને કોઈ જવલનશીલ પદાર્થ છાંટીને એકટીવા સળગાવી બાઈક લઈને નાસી જતો હોવાનુ જાણવા મળ્યું હતું. જયારે અંધકારને પગલે બાઈકનો નંબર કે અજાણ્યા શખ્સનો ચહેરો સ્પષ્ટ જોવા મળ્યો નથી. બનાવ અંગે પેથાપુર પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ચિલોડા જય ખોડીયાર ટીમ્બર માર્ટ પાસેથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૧૦

ચિલોડા થી હિંમતનગર તરફ જતા માર્ગ પર શિહોલી મોટી ગામની સીમમાં આવેલી જય ખોડીયાર ટીમ્બર માર્ટ ની બાજુમાં ઘર પાસેથી બજાજ ડીસકવર બાઈકની ચોરી થવા પામી છે. બાઈક ચોરી અંગે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા-હિંમતનગર હાઈ વે માર્ગ પર જય ખોડીયાર ટીમ્બર માર્ટ ખાતે રહેતા ૨૯ વર્ષિય કૃણાલ વિજય પટેલ પરિવાર સાથે રહે છે અને લાકડાની લાટી ચલાવે છે. કૃણાલ પટેલ જી.જે.૧૮.સી.એચ.-૬૩૫૦ ડીસકવર બાઈક પોતાના અંગત ઉપયોગ માટે વાપરતા હતા.જયારે બાઈક તેમના કાકાની માલિકીનું હતું. ગત તા.૪ ના રોજ બપોરના ૨ વાગે બાઈક લાટીની બહાર પાર્ક કર્યું હતું. જયારે રાત્રીના ૧૧ કલાકે કામ પુરુ કરીને સુઈ ગયા હતા. જયારે બીજા દિવસ સવારે ૧૦ વાગે બહાર જવાનું હોવાથી બાઈક લેવા જતા બાઈક જોવા મળ્યુ ન હતું. જેથી પોતાની રીતે આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી. પરંતુ બાઈક મળી આવ્યુ ન હતું. આખરે ચિલોડા પોલીસ મથકે રૂ.૨૦ હજારના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાઈ છે.

# ચિલોડા પંથકમાં ગામોમાં રાત્રે ડ્રોન દેખાયા લોકો કુતુહલ સાથે જોવા ઉમટ્યા

### શિહોલી મોટી, મહુન્દ્રાના આકાશમાં રાત્રે ૧૧ વાગે પસાર થઈ સાણોદા તરફ પ્રયાણ કર્યુ

ચિલોડા, તા. ૧૦

દસેક દિવસ પહેલા ખેડા જિલ્લામાં ડ્રોન દેખાયાના અહેવાલ મળી રહ્યા હતા. જેના થોડા દિવસ બાદ દહેગામ તાલુકાના હરખજીના મુવાડા, પાલુન્દ્રામાં રાત્રી દરમ્યાન ડ્રોન દશ્યમાન થયા ત્યારે હવે ગાંધીનગરના પાદરે આવેલા ચિલોડા પંથકના ગામોમાં હવે ડ્રોન પસાર થઈ રહ્યાના ઐંધાણોથી ગ્રામજનોમાં ભારે કુતુહુલરૂપે ચિંતા સાથે અનેક તર્કવિતર્કોનો માહોલ સર્જાયો છે. અઠવાડિયા પહેલા ખેડા જિલ્લાના કેટલાક વિસ્તારોમાં ડ્રોન દશ્યો દેખાયા જેના થોડા દિવસો બાદ ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના કેટલાક ગામોમાં ડ્રોન દેખાયા હતા. ત્યારે ગત રાત્રિએ મોટા ચિલોડા પાસેના નજીકના ગામોમાં ડ્રોન દેખાતા ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો હતો. રાત્રે ૧૧ વાગ્યાના અરસામાં મોટી શિહોલીના આકાશમાં ડ્રોન નજરે પડ્યા હતા. ત્યાંથી પસાર થઈ મહુન્દ્રા ગામ તરફ વળ્યા હતા જ્યાં મહુન્દ્રા ગામમાં બે જેટલા ડ્રોન જોવા મળ્યા હતા. ત્યારે મોટી સંખ્યામાં ગ્રામજનો પણ એકઠા થઈ ગયા હતા. આ અંગે એક ગ્રામજને જણાવ્યુ કે આશરે ૧૧ વાગે અમારા ગામમાં બે જેટલા ડ્રોન ઊંચે દેખાયા હતા. જે મહુન્દ્રા ગામના આકાશમાં થઈને સાણોદા તરફ ગયા હતા. આ મામલે મહુન્દ્રા ગામના સરપંચે પોલીસને જાણ કરી હતી. જેની તપાસ ચાલુ હોવાનું જણાવ્યું હતું.

# સ્વચ્છ ભારત મિશનના કર્મચારીઓએ પડતર માંગણીઓ મુદ્દે રજુઆત

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે આજે રાજયભરમાંથી સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ગ્રામ્ય, તાલુકા અને જિલ્લા કક્ષાએ ફરજ બજાવતા કર્મચારીઓ પોતાની પડતર માંગણીઓ મુદ્દે આવી પહોંચ્યા હતા. છેલ્લા એક દાયકાથી વધુ સમયથી ફરજ બજાવતા આ કર્મચારીઓની પગાર તેમજ અન્ય ચાર જેટલી પડતર માંગ છે. જેનો આજદિન સુધી ઉકેલ આવ્યો નથી. ત્યારે આજે છાવણી ખાતે કર્મચારીઓ એકઠા થઈ ઉચ્ચકક્ષાએ આવેદન પત્ર પાઠવી રજુઆત કરી છે.

કર્મચારીઓની પડતર માંગમાં તાલુકા કક્ષાએ ફરજ બજાવતા બ્લોક કો.ઓ.નું માસિક વેતન રૂ.૧૯ હજાર, ટેકનીકલ આસીનું માસિક વેતન રૂ.૧૭ હજાર, તેમજ કલસ્ટર કો.ઓડી. માસિક વેતન રૂ.૧૫ હજાર કરવામાં આવે, તાલુકા કક્ષાના કર્મચારીઓના ઉપર મુજબના ત્રણેય હોદા પ્રમાણે કરાર રીન્યુ સમયે ૧૫ ટકા નો વધારો આપવામાં આવે, આ યોજનામાં કર્મચારીઓ છેલ્લા એક દાયકાથી વધુ સમયથી ફરજ બજાવી રહ્યા છે, જેથી જોબ સિકયોરીટી માટે જોગવાઈ કરવી, સહિતની છે.જયારે કર્મચારીઓની માંગ ઘણા સમયથી છે તાલુકા અને જિલ્લા કક્ષાએ વારંવાર રજુઆત કરવા છતા યોગ્ય સંતોષકારક જવાબ મળ્યો નથી. ત્યારે યોજનાના કર્મચારીઓના પગારમાં યોગ્ય વધારો થયા તે માટે છાવણી ખાતે એકઠા થઈ માંગણીઓ મુદ્દે આવેદન પત્ર આપી રજુઆત કરવામાં આવી છે.



ગાંધીનગરને સ્વચ્છ રાખવા માટે શહેરના વિવિધ ભાગોમાં સતત સફાઈ કાર્ય ચાલતુ રહે છે. માર્ગોની આસપાસ ફેલાયેલો પાંદડાઓનો કચરો ઉપાડવા માટે ટ્રેક્ટર સાથે સફાઈ કર્મીઓ આવે છે.. આ ટ્રેક્ટરમાં સફાઈ કામદાર ભાઈ-બહેનોને લાવવા - લઈ જવા માટે પણ ઉપયોગ કરવામાં આવે છે...

# સરગાસણ સ્વાગત બ્લોસમમાં ઘરઘાટી ચોરી કરી ફરાર

### સિવિલની નવી બિલ્ડીંગમાં પાણીનો કકળાટ

ગાંધીનગર, તા.૧૦

સિવિલ કેમ્પસમાં આવેલી ૬૦૦ બેડની હોસ્પિટલમાં છેલ્લા ૪ દિવસથી પાણીનો કકળાટ જોવા મળી રહ્યો છે. જો કે ગટરની લાઈન તેમજ રીપેરીંગ કામ ચાલતુ હોવાથી એક તરફનો પાણી પુરવઠો બંધ કરી દેવાયો છે.

પરંતુ સામેની વીંગમાં પણ વપરાશ માટે પાણી આવતુ ન હોવાથી સ્ટાફ થી લઈ દર્દીઓ હેરાન પરેશાન થઈ ગયા છે. ગાંધીનગર સિવિલમાં પાણીનો પ્રશ્ન દરેકને સતાવી રહ્યો છે. પાણી જરુર હોય તે જગ્યાએ આવતુ નથી અને ના જરુર હોય તે સ્થળે આવી જતા તંત્ર પણ માંથુ ખંજવાળે છે. કેટલાક સમય પહેલા ઓપરેશન થિયેટરમાં પાણી આવી જતા ઓપરેશન રદ કરવાની ફરજ પડતી હતી. જયારે કોરોના સમયે પણ નવી બિલ્ડીંગમાં ભોંયતળીયે ઘુંટણ સુધી પાણી ભરાયા હતા. ત્યારે હાલ ગટરનું રીપેરીંગ કામ ચાલી રહ્યું હોવાથી ૬૦૦ બેડની હોસ્પિટલમાં એક તરફના ભાગે આવેલા સંડાસ-બાથરૂમ બંધ કરી દેવાયા છે. જેથી સામેના વિભાગમાં તો પાણીની તંગી ન પડવી જોઈએ. પરંતુ કેમ પાણી પુરતા પ્રમાણમાં મળતુ નથી કે કહેવા કોઈ તૈયાર નથી. વપરાશ માટે અને પીવાના પાણીને લઈ પણ ફરીયાદનો શુર ઉઠવા પામ્યો છે. ત્યારે સિવિલના નવી બિલ્ડીંગમાં પાણીનો પ્રશ્ન ઝડપી હલ થાય તેવી દર્દીઓ અને સગાઓની લાગણી અને માંગણી છે.



ચ-૫ થી ચ-૩ તરફ જવાના માર્ગે વન વિભાગ હસ્તકની જગ્યામાં નવેસરથી ફેન્સિંગ કરવામાં આવી રહ્યું છે. થાંભલીઓ અને જાળીઓ નવેસરથી નાંખવામાં આવી રહી છે. ચોમાસુ આવે તે પહેલાં ફેન્સિંગનું કામ પુરૂ કરી દેવામાં આવશે.

# સાદરા સંકુલમાં ખેડૂત શિબિર યોજાઈ





ગાંધીનગર, તા. ૧૦

પ્રસારણ વન વિભાગ-ગાંધીનગરના સહયોગથી ગૂજરાત વિદ્યાપીઠ, મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરાના સરદાર ઉપાસના મંદિરમાં ખેડૂત શિબિરનું ઉદ્ઘાટન ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણીના હસ્તે અને અધ્યક્ષસ્થાને થયુ. ગાય-ગોબર-દૂધ ખેડૂતોના સાચા સાથી છે તેવો વાર્તાલાપ કર્યો. નિવૃત્ત નાયબ વન સંરક્ષક પ્રતાપસિંહ ડાભીએ કૃષિ-પર્યાવરણ યાદ કરાવતુ ગીત ગાયુ. પ્રકૃતિ સાહિત્યકાર પ્રખર ગાંધીવાદી ડૉ. કેશુભાઈ દેસાઈએ ગ્રામ્ય સંસ્કૃતિને ઉજાગર કરતું પ્રવચન કર્યું. રેન્જ ફોરેસ્ટ ઓફિસર કે.બી. વાઘેલા અને તાલીમ સહાયક અનંતસિંહ વાઘેલાએ ખેડૂતોને સાહિત્ય અને વન ભોજનનું વ્યવસ્થાપન કર્યુ. સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ મ. પટેલના માર્ગદર્શન પ્રમાણે ખેડૂત શિબિરનું આયોજન કરાયુ જેમાં ૨૦૫ ખેડૂત બહેનો અને ૧૦૦ ખેડૂત ભાઈઓ મળી કુલ ૩૦૫ ખેડૂતોએ આ ખેડૂત શિબિરમાં ભાગ લીધો. ખેડૂત શિબિરના કન્વીનર તરીકે પ્રદીપ રાઓલે ખાસ ભૂમિકા ભજવી. સભા સંચાલન ડૉ. નયનેશ વસાવાએ કર્યુ. પ્રકૃતિ, સંસ્કૃતિ, ખેડૂત, ખેતીને લગતા ગીતોનું ગાન જગદીશ પરીખે કરીને ખેડૂતભાઈઓ બહેનોના હૈયા હરખથી ભર્યા. ડીન ડૉ. જગદીશચંદ્ર સાવલિયા, પ્રભુલાલ કાસુન્દ્રાની ખાસ ઉપસ્થિતિ રહી. સંકુલના સલામતી સેવકોના અથાગ પ્રયત્નથી ખેડૂત શિબિર સજીવખેતી અને પર્યાવરણ જતન, સંરક્ષણમાં લોકભાગીદારીના બૌદ્ધિક કાર્યક્રમોસભર સફળ બની. નાયબ વન સંરક્ષક વિભાબેન ગોસ્વામીનો સંપૂર્ણ સહકાર ખેડૂત શિબિરને રહ્યો. આચાર્ય તેજશભાઈ ઠાકરે આભારદર્શન કર્યું.



ચ-૫ ફુવારાની સામે સીનીયર સીટીઝનો માટે બાંકડાઓ મુકવામાં આવ્યા છે. આ બાંકડાઓ પર સવારે અને સાંજે વડીલો અને બાળકો બેસે છે અને નિરાંતનો સમય પસાર કરે છે. મ્યુ. કાન્સિલરોની ગ્રાન્ટમાંથી આ બાંકડાઓ ગોઠવવામાં આવ્યા છે. જોકે કેટલાક બાંકડાઓ અસામાજિક તત્વો દ્વારા ઉંધા પાડી દેવામાં આવ્યા છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે ભાજપના સભ્યોની અવિધિસરની બેઠક મળી હતી જેમાં અર્ધો ડઝન કરતા વધુ સભ્યો હાજર રહ્યા હતા.

● ગાંધીનગર જિલ્લામાં પાણીના પોકાર ઉઠવા પામ્યા છે.

● માધ્યમિક શિક્ષણ બોર્ડના પરિણામો જાહેર થયા પછી વિજ્ઞાન કોલજો ખાલી રહેવાની ચર્ચાઓ શિક્ષણજગતમાં સાંભળવા મળી રહી છે.

● શાળાઓ ખુલવાનો સમય નજીક આવતો જતો હોવાથી બજારોમાં ગણવેશ અને પાઠ્ય પુસ્તકોની ખરીદી માટે બજારોમાં ભીડ જોવા મળી રહી છે.

● આજે જિલ્લાની પીસી એન્ડ ડીટીની બેઠક જિલ્લા પંચાયત ખાતે મળી હતી.

● હાઈકોર્ટના આદેશને પગલે મલ્ટી પરપઝ હેલ્થ વર્કરને પગારના તફાવતની રકમ ચુકવવાને પગલે સીડીએચઓ અને હિસાબી અધિકારી સચિવાલય અને પંચાયત વચ્ચે સતત દોડતા રહ્યા હતા અને સાંજે સરકારે આ અંગે ગ્રાન્ટની ફાળવણી કરતા હુકમો કર્યા છે.

● ગાંધીનગર શહેરમાં આજથી બે દિવસની રજાનો માહોલ આજે બપોર પછી કચેરીઓમાંથી કર્મચારીઓએ મારેલી ગુલ્લીથી જણાઈ આવતો હતો.

● ગાંધીનગર શહેરમાં પુનઃ એકવાર ખાસ કરીને જુના સેકટરોમાં ડોર ટુ ડોર કલેકશનના વાહનોનું સમય-પત્રક ખોરવાયુ છે.

● આજે કલોલ તાલુકા કેમીસ્ટ એસો.ના સહયોગથી તમામ પ્રાઈવેટ મેડીકલ સ્ટોરના સભ્યોને ટી.બી.ની દવાના વેચાણ અંગે નિભાવવાના થતા રજીસ્ટર સહિત ટી.બી. રોગ વિશે જાણકારી આપવામાં આવી હતી.

● દહેગામ શહેર ભાજપ પ્રમુખે પોતાના હોદ્દા પરથી રાજીનામુ આપ્યુ હોવાને લઈ દહેગામમાં ખળભળાટ વ્યાપ્યો છે. સામાજિક જવાબદારીને લઈ જઈ રહ્યા હોવાથી રાજીનામુ આપ્યાની વાત.

● દહેગામના હરખજીના મુવાડા ગામે પોષ્ટલ વીમાના દાવાની આજે સરપંચના હસ્તે ચુકવણી કરાઈ હતી.

● જિલ્લાના ૧૨૦૦થી વધુ કાર્યકરો બુથ વિસ્તારક તરીકે બુથોને ૧૧ થી ૧૩ જુન દરમ્યાન ખુંદશે.

● આજે પંચાયતની મહિલા-બાળ-વિકાસ વિભાગની જિલ્લાકક્ષાએ સમીક્ષા બેઠક યોજાઈ હતી.

● શહેરમાં કેરીના ભાવમાં કડાકો બોલતાં કેરીની ઘરાકી જામી છે.

## આજે શ્રી ગોવર્ધનનાથજી હવેલી મંદિરે કેરીનો મનોરથ

ગાંધીનગર, તા. ૧૦

શ્રી ગોવર્ધનનાથજી હવેલી મંદિર, સેક્ટર-૨૧ ખાતે એકાદશી નિમિત્તે ૧૧ જૂન શનિવારે સાંજે ૬.૩૦ કલાકે કેરીના મનોરથના દર્શનનો લાભ લેવા નગરજનોને આમંત્રણ પાઠવ્યું છે. આ મનોરથના મુખ્ય મનોરથી તરીકે રીચા, તુષાર શાહ સેવા આપશે.

ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા
વર્ષ-૨૦૨૨-૨૩
ગાંધીનગર મહાનગરપાલિકા
બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ટેન્ડર નંબર | કામનું નામ | ટેન્ડર ફી | ઈ.એમ.ડી. |
|---|---|---|---|
| ૪૭/૨૦૨૨-૨૩ | Development of garden at TP-47, FP-58/1, (Koteshwar), for Gandhinagar Municipal Corporation Area. | રૂ. ૨૪૦૦/- | રૂ. ૮૧,૨૦૦/- |

ટેન્ડર ફોર્મ તા. ૧૩/૬/૨૦૨૨ થી તા. ૩/૭/૨૦૨૨ સુધી સમય ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનિક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકનીકલ બીડ અને ટેન્ડર ફીની રકમ તથા ઈ.એમ.ડી.ના ડીમાન્ડ ડ્રાફ્ટ નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રીના નામે તા. ૪/૭/૨૦૨૨ થી તા. ૧૨/૭/૨૦૨૨ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

ઓનલાઈન ઓપનીંગ તા. ૧૩/૭/૨૦૨૨ કરવામાં આવશે..

સહી/-
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર

માહિતી/૫૮૨/૨૨-૨૩